જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૮/૦૫/૨૦૨૧ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૬૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૪૭૭ | ૨ | ૧૧૪૭૯ | ૧૭૫૯૬ | ૨ | ૧૭૫૯૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૦૮ | ૦ | ૪૭૦૮ | ૬૨૪૩ | ૦ | ૬૨૪૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૮૨ | ૧ | ૮૩ | ૨૯૬ | ૫ | ૩૦૧ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૪૬૬૪૦ | ૨૫૪ | ૪૬૮૯૪ | ૪૭૪૧૦ | ૨૩૮ | ૪૭૬૪૮ |
| કુલ | | ૬૨૯૦૭ | ૨૫૭ | ૬૩૧૬૪ | ૭૧૫૪૫ | ૨૪૫ | ૭૧૭૯૦ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૭ | ૧,૨૯,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૯૨ | ૧૬,૯૨,૦૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૨ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ બિયર ટીન, ૧ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૭૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૭૨/૨૦૨૧**

**સેટેલાઇટઃ** ભાર્ગવભાઇ ગીરીશકુમાર શુકલા (ઉ.વ.૪૭) (રહે. શિવરંજની સોસાયટી સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની બાજુમાં શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી નિરવ કાનજીભાઇ ચભાડીયા (રહે. ૬૪/૭૪૬, વૈશાલી ફ્લેટ બાપુનગર અમદાવાદ તથા સુરત) તા.૦૩/૦૧/૨૦૨૧ ના રોજ ભાર્ગવ શુકલા પાસેથી સેલ્ફ કાર ભાડે મેળવવા ફોન કરી વિશ્વાસમાં લઈ રૂપિયા ૫૦૦/- ડીપોઝીટ ભરી મારૂતી કંપનીની વેગેનાર કાર નંબર જીજે ૦૧ એફટી ૫૮૭૦ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- લઇ જઇ આજદિન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરંપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.પ્રજાપતિ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૭૩/૨૦૨૧**

**નરોડાઃ** ધનશ્યામગીરી બીપીનગીરી ગોસ્વામી (રહે.સિલ્વર સ્પ્રીંગ સોસાયટી નરોડા દહેગામ રોડ નરોડા) એ તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૧ કલાક ૧૦/૩૦ થી તા.૧૭/૦૫/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૮૭,૭૦૦/- અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/-મળી કુલ રૂપિયા ૧,૫૭,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**ઓઢવઃ** સંદીપભાઇ કિશનલાલ બોથરા (રહે. મહાલક્ષ્મી સોસાયટી રાજકમલ હોટલની બાજુમાં શાહીબાગ) એ તા.૧૭/૦૫/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૫/૨૦૨૧ સાજના ૭/૦૦ થી તા.૧૭/૦૫/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ કઠવાડા જી.આઇ.ડી.સી બિલેશ્વર એસ્ટેટ વિભાગ-૪ ખાતે દુકાન નંબર- બી/૨૧ ના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી પ્લાસ્ટીકના બારદાન નંગ-૧૫ (૭૫૦ કીલોગ્રામ કોપર વાયર) કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

**<u>ત્યજી ધીધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૮૭૪/૨૦૨૧</u>**

અમરાઈવાડીઃ તા૧૭/૦૫/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી શિવાનંદનગર બ્લોક નંબર ૭૮/૧૩૨૭ આગળ રસ્તામા આવેલ ગટરમાંથી ત્યજી દીધેલ મૃત શિશુ મળી આવતા અમરાઈવાડી પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ચૌધરી ચલાવે છે.

**<u>આત્મહત્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૮૭૫/૨૦૨૧</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૧)** સંજયભાઇ વલ્લભભાઇ સોલંકી (ઉ.વ.૪૦)(રહે.બાલમુકુંદ સોસાયટી મજુરગામ ગીતામંદિર રોડ, મજુરગામ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૫/૨૦૨૧ રાતના ૧૦/૨૦ વાગ્યા પહેલા સાબરમતી નદીના પશ્ચિમ કિનારે એન.આઈ.ડી. પાછળ જમાલપુર બ્રીજ ઉપર વચ્ચેના ભાગે પોતાનુ મોટર સાયકલ પાર્ક કરી જમાલપુર બ્રીજ ઉપરથી સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ (૨)** ઉષાબહેન વા/ઓ સંજયભાઇ વાઘેલા (ઉ.વ.૩૧)(રહે. કૃષ્ણધામ ઓડાના મકાનમાં વેજલપુર રેલવે ક્રોસિંગ પાસે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૫/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા જમાલપુર બ્રીજ ઉપરથી સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.ભાદરકા ચલાવે છે.

**ઇસનપુરઃ** મોહમદફારૂક નાદીરહુસેન સૈયદ (ઉ.વ.૬૫) (રહે.પાનવાળી ચાલી સલમાન કિરાણા સ્ટોર્સ પાસે નાના ચંડોળા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૫/૨૦૨૧ સાજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વડી સાથે રસ્સી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી